अक्षर
GROUP
Creating Tomorrow

SALE DEED :

Date: – – 2018

अक्षर
AASHRAY

WALK INTO PARADISE!

II SALE DEED II

અક્ષર આશ્રય

Party Name :

Plot No. :

સ્થાવર મિલકત નો વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરા વિસ્તારમાં આવેલ "અક્ષર આશ્રય" નામની યોજનામાં ટાઈપ-A,B,C,D પૈકી ......ટાઈપ પૈકી બ્લોક નંબરઃ .... નો વેચાણ દસ્તાવેજ રૂા. ..../- પુરાનો

<u>લખાવી લેનાર/વેચાણ રાખનાર/પ્રથમ પક્ષવાળા(એલોટી)</u>

આજરોજ તારીખ : .... ને...............રોજ આ વેચાણ દસ્તાવેજ

૧. નામ :

ઉ.વ.આ. :

પાન નં. :

બંને રહેવાસી : ....

....

જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં વેચાણ રાખનાર પ્રથમ પક્ષવાળાન અથવા એલોટી એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં વેચાણ રાખનાર પ્રથમ પક્ષવાળાન અથવા એલોટી પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ.એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

<u>જોગ સદર વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનારા/ બીજા પક્ષવાળા જમીન માલીક (પ્રમોટર)</u>

શ્રી અક્ષર એન્ટરપ્રાઈઝ એ નામની ભાગીદારી તથા વહીવટ કર્તા **વિપુલકુમાર જમનાદાસ ઘરસંડીયા**, ઉં.વ.આ.૪૫ ધંધો-ખેતી/વેપાર, રહેવાસી : ૪૦૧, કિશન હાર્મોની એપાર્ટમેન્ટ, ૨૧, રાજ નગર સોસાયટી, અકોટા સ્ટેડીયમ ની પાસે,અકોટા, વડોદરા, (PAN NO. ACMFS6891D) (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "અમો લખી આપનાર" પ્રમોટર અથવા તો "બીજા પક્ષવાળા" અથવા તો "અમો, અમારી, અમારા, અમોએ, અમોને" એ રીતે સંબોધવામાં આવશે. જેના અર્થમાં લખી આપનાર ભાગીદારી પેઢીનો તથા લખાવીલેનાર પેઢીના હાલના તથા વખતો વખતના તમામ ભાગીદારો તથા છેલ્લા હયાત ભાગીદારો પોતે જાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો, સકસેસરો, એકઝીકયુટરો, એસાઈનીઓ, નોમીનીઓ, ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવાનો છે.)

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

જોગ સદર વેચાણ દસ્તાવેજ આપનારા/જમીન માલીક બીજા પક્ષવાળા/પ્રમોટર સદર વેચાણ દસ્તાવેજ તમો વેચાણ રાખનાર પ્રથમ પક્ષવાળાન અથવા એલોટી ને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે...

૧. અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનારા જમીન માલીકોની સંયુકત માલીકીની બિનખેતી થયેલ જમીન જે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૩૦ જેનો જુનો સર્વે નં. ૨૧/૧પૈકી-૧ જેનું ક્ષેત્રફળઃ.૧૨૮૧૭ તથા બ્લોક નંબરઃ ૪૦ જેનો જુનો સર્વે નં.૩૧ જેનું ક્ષેત્રફળઃ.૨૨૯૮૫ તથા બ્લોક નંબરઃ ૩૨ જેનો જુનો સર્વે નં. ૨૫ પૈકી-૧ જેનું ક્ષેત્રફળઃ૧૬૩૯૦ તથા બ્લોક નંબરઃ ૩૩ જેનો જુનો સર્વે નં. ૨૫પૈકી-૨ જેનું ક્ષેત્રફળઃ.૧૬૩૯૩ તથા બ્લોક નંબરઃ ૩૯ જેનો જુનો સર્વે નં. ૩૦ જેનું ક્ષેત્રફળઃ.૬૮૦૯ તમામ સર્વે નંબરનું કુલ ક્ષેત્રફળ : ૭૫૩૯૪ ચો.મી. તે પૈકી ૬૮૮૦૯.૮૦ ચો.મી વાળી જમીન વાળી બીનખેતીની જમીન છે. જેનું વિગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટમાં સામેલ છે. જે અમો આ લખી આપનારા/બીજી તરફવાળા ની સયુંકત માલિકી, કબજા-ભોગવટાની છે. અને તે હાલ પંચાયત દફતરે/સરકાર દફતરે અમો બીજીતરફવાળાઓના નામ પર ચાલે છે. અને તેનો અમો બીજી તરફવાળાઓને અમારી મરજી મુજબ વાપર, ઉપભોગ, ઉપયોગ, વહીવટ કરવા અમો બીજી તરફવાળાઓને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

૨. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૩૦ જેનો જુનો સર્વે નં. ૨૧/૧ પૈકી-૧ જેનું ક્ષેત્રફળઃ.૧૨૮૧૭ જે મીલકત અમો લખી આપનારે તેના મૂળ માલીક શાહ મનન ચેતનકુમાર વિગેરે તથા જગદીશભાઇ કાકડીયા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૪૨૩ તથા ૨૪૨૪ તા.૨૯/૦૫/૨૦૧૮ થી વેચાણ રાખેલ હતી

૩. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૪૦ જેનો જુનો સર્વે નં.૩૧ જેનું ક્ષેત્રફળઃ.૨૨૯૮૫ વેચાણ રાખેલ હતી

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

૪. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૩૨ જેનો જુનો સર્વે નં. ૨૫ પૈકી-૧ જેનું ક્ષેત્રફળ:૧૬૩૯૦ જે મીલકત અમો લખી આપનારે તેના મૂળ માલીક પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૨૫ તા. .૨૯/૦૫/૨૦૧૮ થી વેચાણ રાખેલ હતી

૫. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૩૩ જેનો જુનો સર્વે નં. ૨૫ પૈકી-૨ જેનું ક્ષેત્રફળ:.૧૬૩૯૩ વેચાણ રાખેલ હતી

૬. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, ડીસ્ટ્રીકટ વાઘોડીયા ના મોજે શ્રીપોર ટીમ્બી, તા વાઘોડીયા.જી. વડોદરાના બ્લોક નંબરઃ ૩૯ જેનો જુનો સર્વે નં. ૩૦ જેનું ક્ષેત્રફળ:.૬૮૦૯ જે મીલકત અમો લખી આપનારે તેના મૂળ માલીક પટેલ હિતેશકુમાર રશ્મિકાંત પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૪૩૨ તા. ૧૯/૦૭/૨૦૧૭ થી વેચાણ રાખેલ હતી અને તે આધારે અમો લખી આપનાર સદરહું મીલકતના કાયદેસરના માલીકી, કબજેદાર, ભોગવટેદાર થયા હતા. જમીનની રહેણાંક હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સહીતાની કલમ-૬૫ હેઠળ પરવાનગી અન્વયે મે.કલેકટર સાહેબ વડોદરાના હુકમ નંબરઃ એન.એ/એસ.આર/૧૩૨૭/૨૦૧૬-૨૦૧૭તારીખ : ૨૯/૦૪/૨૦૧૭ થી મેળવેલ છે

૪. સદર જમીન માં નકશા મુજબ બાંધકામ કરવા અંગેની પરવાનગી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ ની પરવાનગી નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૨૨૬/૨૦૧૭ તારીખઃ ૧૬/૦૫/૨૦૧૮ થી મેળવેલ છે.

૫. જોગ પ્રમોટરે સદર પ્રોજેકટ બીજી તરફવાળા એ કાયદાની જોગવાઇ ઓ હેઠળ **Real Estate Regulatory Act** માં નોંધાવેલ જેનો **(Rera Reg.no : ____________________________________)** થી નોંધણી કરાવેલ છે.

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

૬. જત સદર અમો લખી આપનારે તમો લખી લનારને નીચે પરીશીષ્ટમાં જણાવેલ બાંધકામવાળી મિલકત **રૂા..........................=૦૦ (અંકે રૂપિયા .... રૂપિયા પુરા)** માં વેચાણ આપીએ છીએ ,તમો એક પક્ષવાળાએ નીચે મુજબની વિગતથી બીજા પક્ષવાળાને ચુકવેલ છે ઉપરોકત પરીશીષ્ટવાળી મિલકત તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપી તેનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે . તેના અવેજની રકમ અમોને નીચે મુજબ મળી ગયેલ છે :-

વેચાણ અવેજ મળ્યાની વિગત

રૂપિયા	ચેકનં	તારીખ	બેંકનું નામ

૭. સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી મીલકત અમો બીજી તરફવાળાની સ્વપાર્જીત સંયુકત માલીકી અને કબજા ભોગવટાની મિલકત છે અને તેમાં અમો બીજી તરફવાળા સીવાય બીજા કોઇનો કોઇપણ જાતનો લાગ,ભાગ,હકક,હીત સબંધ,નથી કે ઉપર કોઇનો કોઇપણ જાતનો ખોરાકી કે રહેઠાણનો હકક પોસાતો નથી કે સદર મીલકત અન્ય કોને ગીરો,વેચાણ,બક્ષીસથી કે બાનાખતથીં કે અગર ઇતર કોઇપણ રીતે કોઇપણ રીતે કોઇપણ પ્રકારના લેખથી લકી આપી નથી અને સદર મીલકતના ટાઈટલ ચોખ્ખા એ માર્કેટેબલ છે તેવો પાકો વિશ્ર્વાસ અને ભરોસો અપીને સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ તમોને લખી આપેલ છે.તેમ છતાં કોઇપણ વ્યકિત અગર સંસ્થા હેલો હરકત કરતું આવશે તે અમો બીજી તરફવાળા અમારા પોતાના ખર્ચે અને જોખમે દુર કરાવી આપવા બંધાયેલા છીએ.

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

૮. સદર મીલકતના આજદીન સુધીના સરકારી કે અર્ધસરકારી વેરા તથા મહેસુલ અમો બીજી તરફવાળાએ ભોગવટાના છે અને આ વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સદર મીલકતના તમામ પ્રકારના વેરાઓ તથા મહેસુલ તમો એક તરફવાળાએ ભરવાના છે .મીલકતનાં વેચાણ દસ્તાવેજ અંગે થનાર હાલનૂ તેમજ ભવિષ્યમાં આવનાર ખુટતી સ્ટેમ્પ ડયુટી,રજી ચાર્જીસ,વકીલ ફી, તમામ પ્રકારનાં સર્વિસ ટેક્ષ ઇતર તમામ ખર્ચની જવાબદારી માત્ર તમો વેચાણ રાખનારે ભોગવવાની છે.

૯. આમ ઉપરોકત વર્ણનવાળી મિલકત તેની જમીન તથા તેમાં ગટર તથા લાઇટ ટેલીફોનની લાઇનો વિગેર લાવવા લઇ જવાના તમામ પ્રકારનાં હકકો અધિકારો સાથે તથા તેમાં જવા-આવવા નાં રસ્તામાં તથા પાણીનાં નિકાલનાં સર્વે પ્રકારનાં હકકો સાથે તથા તેમાંની રિધ્ધી સિધ્ધી સાથે તથા અષ્ટમાં નચેનીધી જે કાંઈ પ્રગટ થાય તે લેવાના તમામ પ્રકારના માલિકી હકકો સાથે સદર મિલકત તમો વેચાણ રાખનારને યાવત ચંદ્ર દિવાકરો કુલ અભરામનાં દાવે આકાશ તેપાતાળ સુધીની મીલકત અઘાટ વેચાણ આપેલી છે જેથી સદર મિલકતનાં આજથી તમો વેચાણ રાખનાર તથા તમારા વંશ,વાલી, વારસો,સર્વે,સ્વતંત્ર માલિક થયેલા છો અને તેનો સ્વતંત્ર માલીકી હકકે વાપર ઉપયોગ કરવા તથા તેમાં વધારાનું કામ કરવા તથા તે ગીરો વેચાણ ,બક્ષીસ,કરવા તમો તથા તમારા વંશ,વાલી,વારસોનો તમામનો હકક દાવો કે લાગ,ભાગ,હકક,હીત,સંબંધ છે તેવી બાંહેધરી આપી આ વેચાણ દસ્તાવેજ અમો જમીન માલીકોએ સંયુકત રીતે કરી આપેલ છે .

૧૧. અમો/ લખી આપનાર,તમો/લખી લેનાર વેચાણ આપેલ દસ્તાવેજના આધારે સદરહું મિલકત સી.ટી.સર્વ કચેરી,વડોદરા, તલાટી કચેરી , અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી (વુડા) માં,એમ.જી.વી.સી.એલ. રેવન્યુ દફતરે તથા અન્ય કોઇ સરકારી તેમજ અર્ધ-સરકારી તથા અન્ય સંસ્થા વિગેરેમાં તમો લખી લેનારના નામે કરાવી શકશો. આ માટે જ્યાં જ્યાં અમો બીજા પક્ષવાળાની સહી-સંમતી ની જરૂર પડે ત્યાં અને ત્યારે તમામ જગ્યા એ કરી આપવા બંધાયેલા છીએ.

૧૨. જો કોઈ સોસાયટી એસોસીએશન કે કોર્પોરેશન બનાવવામાં આવે તે તેમાં એક તરફવાળાએ ફરજીયાત સભ્ય થવાનું રહેશે અને તેમાં સદર વેચાણ દસ્તાવેજ લખી લેનારએ સંપુર્ણ સાથ સહકાર અને જરૂરી ફી આપવાની રહેશે

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

૧૩. સદરહું નીચે પરીશીષ્ટમાં જણાવેલ વેચાણ આપેલ મિલકતની જે દિવાલો બાજુની મિલકત સાથે લાગીને આવેલ છે તે તમામ દિવાલો તે બંન્નેની સહીયારી ગણાશે અને તેનું માપ દવાલના મધ્ય બિંન્દુથી ગણવાનું છે.

૧૫ સદર મીલકત ભવિષ્યમાં તમો વેચાણ રાખનાર નીચે પરીશીષ્ટમાં જણાવેલ મકાન વેચાણ આથવા તવદીલ અથવા ગીરો કરો ત્યારે સદર વેચાણ દસ્તાવેજથી તમોને જે હકકો અને અધિકારો મલેલ છે ફકત તેજ મળેલ હકકો અને અધિકારો તથા સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ઉપરના નીયમો તથા શરતોને તથા વખતો વખત બનાવવામાં આવેલ નીયમોને આધિન હકકો અને અધિકારો સહ વેચાણ અથવા તબદીલ અથવા ગીરો કરી શકશો તેવી સ્પષ્ટ શરતસહ સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૫. **કબજો લેવાની કાર્યવાહીઃ**

પ્રમોટર સક્ષમ સત્તાધિકારી પાસેથી ઓકયુપેશન્સી સર્ટીફીકેટ મેળવ્યા બાદ અને એલોટી દ્વારા સદર કરાર મુજબ નાણાંની ચુકવણી થયા બાદ ૩ મહિના ની અંદર એલોટીને મકાન નો કબજો સોંપશે પ્રમોટરએ બાબતે ખાતરી આપે છે કે પ્રમોટરના પક્ષે પુર્ણ કરવાની આવતી કોઇ પણ પ્રકારની જોગવાઇ,ઔપચારીકતા કે દસ્તાવેજીકરણ ને લગતી બાબતો ની પુર્તતા તે કરી આપશે પ્રમોટર ઓકયુપન્સી સર્ટીફીકેટ માન્યાતા ના દિન-૭ અંદર તેના વતી એલોટી ફલેટ નો કબજો સોંપવાની કાર્યવાહી કરી શકશે.

૧૬. પ્રમોટર દ્વારા લેખિતમાં સદર મકાન ઉપયોગ તેમજ રહેઠાંણ માટે તૈયાર હોવાની નોટીસ મળ્યેથી એલોટી દિન-૧૫ માં મકાન નો કબજો લેશે.

૧૭ એલોટી દ્વારા મકાન નો કબજો લેવામાં ચુક થતી ઉપરોકત મુદા મુજબ પ્રમોટર દ્વારા લેખિત સુચના મળ્યેથી એલોટી સદર કરારમાં દર્શાવેલ આવસ્યક ક્ષતિપૂર્તિઓ બાંહેધરીઓ અને દસ્તાવેજોની પુર્તતા કર્યા બાદ કબજો લેશે અને પ્રમોટર એલોટીને મકાન નો કબજો સોંપશે જો એલોટી ઉપર જાણાવેલ મુદા માં દર્શાવેલ સમયમર્યાદામાં કબજો લેવામાં નિષ્ફળ જાય કે ચુક કરે તો તેવા સંજોગોમાં એલોટી લાગુ પડતા મેન્ટેનન્સ ચાર્જ ચુકવવા બંધાયેલા છે.

૧૮. સદર મકાન નો કબજો એલોટીને સોંપ્યા બાદ પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટી મકાનનો ની અંદરની અથવા તો બિલ્ડીગ જ્યાં મકાન સ્થિત છે તેમાં કોઈ પણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગીરી ગુણવત્તા કે સેવાની જોગવાઇને કારણે ઉદભવેલ ક્ષતિ પ્રમોટરના ધ્યાને લાવે તેવા સંજોગોમાં શક્ય હોય ત્યાં પ્રમોટર પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપુર્તિ શકય ન હોય તો એલોટી પ્રમોટર પાસેથી

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

કાયદામં સચુવે પધ્ધિતએ વળતર મેળવી શકે છે જોકે પ્રમોટરના નિયંત્રણ બહારની હોય તેવી કોઈ પણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતા કે સેવાની જોગવાઈની ક્ષતિપૂર્તિ માટે પ્રમોટર જવાબદારી રહેશે નહી.

૧૯. સદર કરારમાં દર્શાવેલ મકાન તેવા કોઇપણ ભાગને લગતી બાબત નો કાનુનીહેતુ માટે ઉપયોગ થઇ શકશે નહી સદર કરારની રૂએ એલોટીને વેચવામાં આવેલ મકાન સહીતની પાર્કીંગ સ્પેશ,કોમન ગાર્ડન,કોમન પ્લોટ,સ મનોરંજન સ્થળ વિગેરે પર એલોટી પોતાનો દાવો કરી શકશે નહી જ્યાં સુધીતે સદર કરારમાં દર્શાવ્યા મુજબ હસ્તાંતરિત કરવામાં ન આવેલ હોય

૨૦. **<u>વિવાદ નું નિરાકરણ:</u>** કોઇ પણ વિવાદ નો નિકાલ સામાધાનથી લાવવાનો રહેશે જો સામાધાનથી ઉંકેલ ન આવે તેમ હોય તો રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ,૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઇઓને આધીન સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

૨૧. **સંચાલક કાયદો:** સદર કરારની રૂએ ઉદભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા-કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્રે ની નામદાર કોર્ટનું રહેશે

આમ, ઉપરોકત વર્ણનવાળો પ્લોટ તેની જમીન તથા તેમાં ગટર તથા લાઇટ, ટેલીફોનની લાઇનો , વિગેરે લાવવા લઇ જવાના તમામ પ્રકારનાં હક્કો અધિકારો સાથે તથા તેમાં જવા – આવવાનાં રસ્તામાં તથા પાણીનાં નિકાલનાં સર્વે પ્રકારનાં હક્કો સાથે તથા તેમાંની રિધ્ધી-સિધ્ધી સાથે તથા અષ્ટમાં નવેનીધ જે કાંઇ પ્રગટ થાય તે લેવાનાં તમામ પ્રકારનાં માલિકી હક્કો સાથે સદર પ્લોટ તમો વેચાણ રાખનારને યાવત ચંદ્ર દિવાકારો કુલ અભરામનાં દાવે આકાશ તે પાતાલ સુધીની મીલકત અઘાટ વેચાણ આપેલી છે.જેથી સદર મિલકતનાં આજથી તમો વેચાણ રાખનાર તથા તમારા, વંશ, વાલી, વારસો ,સર્વે સ્વતંત્ર માલિક થયેલા છો અને તેનો સ્વતંત્ર માલિકી હક્કે વાપર ઉપયોગ, ઉપભોગ કરવા તથા તેમાં વધારાનું કામ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષીસ કરવા તમો તથા તમારા વંશ, વાલી, વારસોનો તમામનનો હક્ક દાવો કે લાગ ભાગ હક્ક હીત સંબંધ છે. તેવી બાંહેધરી આપી આ વેચાણ દસ્તાવેજ અમો જમીન માલિકો એ સંયુક્ત રીતે કરી આપેલો છે.

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

વેચાણ આપેલી મીલકતનુ વર્ણન

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા,સબ-ડીસ્ટ્રીકટવાઘોડીયાના મોજે શ્રીપોર ટીમ્બી, તા.વાઘોડીયા જી. વડોદરાની તમામ જમીનોનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે

ક્રમ	બ્લોક /સર્વે નં	જુનો સર્વે નં	ક્ષેત્રફળ
૧	**૩૦**	**૨૧/૧ પૈકી-૧**	**૧૨૮૧૭ ચો.મી**
૨	**૩૨**	**૨૫ પૈકી-૧**	**૧૬૩૯૦ ચો.મી**
૩	**૩૩**	**૨૫ પૈકી-૨**	**૧૬૩૯૩ ચો.મી**
૪	**૩૯**	**૩૦**	**૬૮૦૯ ચો.મી**
૫	**૪૦**	**૩૧**	**૨૨૯૮૫ ચો.મી**
		કુલઃ ૭૫૩૯૪ ચો.મી. પૈકી ૬૮૮૦૯ વો.મી	

ઉપરોકત જણાવેલ જમીનું ક્ષેત્રફળ : ૬૮૮૦૯ ચો.મી. વાળી જમીનમાં મંજુર થયેલા નકશા મુજબ બાંધવામાં આવેલ "**અક્ષર આશ્રય**" નામની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે ટાઇપ-**A,B,C,D** પૈકી વાળી મિલકત તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેની સંપુર્ણ વિગત નીચે મુજબ છે

ટાઇપ	બ્લોક નં	પ્લોટનુંક્ષેત્રફળ	વરાડે પડતી રોડ રસ્તા તથા કોમન પ્લોટનું ક્ષેત્રફળ	બાંધકામ નું ક્ષેત્રફળ

ઉપર જણાવેલ મીલકતની ચતુ : સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર બીજી તરફવાળા જમીન માલીકે તથા લખાવી લેનાર એક તરફવાળા એ વાંચી, વંચાવી, સમજી, વિચારી કોઇપણ જાતના દાબ, દબાણ, ધાક ધમકીમાં આવ્યા સિવાય બીનકેફ હાલતમાં સાક્ષીઓ રુબરુ સહી કરી આપેલ છે જે અમોને તથા અમારા તમામ ભાગીદારો તથા તેમના વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

FOR SHREE AKSHAR ENTERPRISE

PARTNER

<u>વેચાણ આપનાર / બીજા પક્ષવાળા (પ્રમોટર)</u> <u>સાક્ષી ::-</u>

શ્રી અક્ષર એન્ટરપ્રાઈઝ એ નામની ભાગીદારી પેઢી
તર્ફે અને વતી વહીવટકર્તા ભાગીદાર

.... ૧..................

વિપુલકુમાર જમનાદાસ ઘરસંડીયા

૨..................

<u>પ્રથમ પક્ષવાળા ની સહી</u>

....

FOR SHREE AKSHAR ENTERPRISE

R. L

PARTNER